# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

...ત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૫૪ । વિક્રમ સંવત ૨૦૮૦ : ભાદરવો વદ ૦૭ । પાના - ૧૦ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 54 • Dt. 25-09-2024 Wednesday • Page 10 • Price : Rs. 4 • City Office : Lok Patrika Media House, 72, City Centre, Nr. Swastik Cross Road, C.G. Road, Navrangpura, Ahmedabad 380009 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125




P.09
ભૂમિ પેડનેકરની ફિલ્મમાં શાહરુખ ખાન રોકાણ કરી રહ્યો છે



P.09
કોંગ્રેસ સરકાર ઋણ લઈને સોનિયા ગાંધીને આપે છે : કંગના રનૌત

ઇઝરાયેલને લેબેનોન પર હુમલો । મહિલાઓ-બાળકો સહિત ૪૯૦ લોકોના મોત નિપજ્યાં



09

**25**
SEPTEMBER- 2024
WEDNESDAY



09
મૈસૂર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી કેસમાં મુખ્યમંત્રી સિદ્ધારમૈયાને રાહત આપી નથી

**એજન્સીઓ પણ સાઈટ બહાર રોડ ઉપર કચરો ફેંકી શકશે નહીં**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સીએનડી (કન્સ્ટ્રક્શન એન્ડ ડેબ્રિજ) વેસ્ટ નાખનારા લોકો સામે કાર્યવાહી કરવા સ્પેશિયલ સ્કવોડની રચના કરવામાં આવશે । જો રોડ પર કન્સ્ટ્રક્શન વેસ્ટ મળશે તો રૂ. ૨૫૦૦૦થી ૧ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવશે

# કન્સ્ટ્રક્શન વેસ્ટ, માટી રોડ ઉપર નાખી શકાશે નહીં

## અમદાવાદમાં મ્યુનિસિપલ તંત્રના વિવિધ પ્રોજેકટો માટે કામ કરતી એજન્સીઓ પણ સાઈટ બહાર રોડ ઉપર કચરો ફેંકી શકશે નહીં । કડક નિયમો બનાવવામાં આવ્યા

। સીટી રિપોર્ટર, અમદાવાદ, તા.૨૪ ।

શું તમે પણ મકાન બાંધકામ કે રિનોવેશન કરાવવાનું વિચારો છો તો આ સમાચાર તમારા માટે જ છે. નાગરિકો પોતાના મકાનનું રિનોવેશન, રિપેરિંગ કે નવું બાંધકામ કરતા હોય છે. જેમાં ઉત્પન્ન થતો કન્સ્ટ્રક્શન વેસ્ટ, માટી, પુરાણ અને કચરો (ડેબ્રિજ) હવે રોડ ઉપર નાખી શકાશે નહીં. અમદાવાદમાં મ્યુનિસિપલ તંત્રના વિવિધ પ્રોજેકટો માટે કામ કરતી એજન્સીઓ પણ સાઈટ બહાર રોડ ઉપર કચરો ફેંકી શકશે નહીં. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આવા સીએનડી (કન્સ્ટ્રક્શન એન્ડ ડેબ્રિજ) વેસ્ટ નાખનારા લોકો સામે કાર્યવાહી કરવા સ્પેશિયલ સ્કવોડની રચના કરવામાં આવશે. જો રોડ પર કન્સ્ટ્રક્શન વેસ્ટ મળશે તો રૂ. ૨૫૦૦૦થી ૧ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવશે. શહેરના વિવિધ રોડ ઉપર કન્સ્ટ્રક્શન વેસ્ટ પડયો ના રહે એ માટે સાત ઝોનમાં ઝોન દીઠ એક સેનિટેશન સ્કવોડને ફરજ ઉપર મુકાશે. એક મેટ્રીકટનથી ઓછા કન્સ્ટ્રક્શન વેસ્ટનો નિકાલ કરવા માટે હવે રુપિયા ૨૦૦ના બદલે રુપિયા ૫૦૦ ચુકવવા પડશે.



### કન્સ્ટ્રક્શન વેસ્ટના નિકાલ માટે યોગ્ય સ્થળ નક્કી કરાયા

શહેરના વિવિધ વિસ્તારમાં રોજબરોજ નાગરિકો દ્વારા તેમના મકાન,ઓફિસ કે વ્યવસાયના સ્થળે નાનુ મોટુ સમારકામ કે રીનોવેશન કરાવવામા આવતુ હોય છે.સમારકામની ચાલતી કામગીરી ઉપરાંત નવી બાંધકામ સાઈટની કામગીરી દરમિયાન કન્સ્ટ્રકશન સાઈટ ઉપરથી તૂટેલા પથ્થર,ઈંટ, રોડાં સહિતની અન્ય સામગ્રી જાહેર રસ્તા ઉપર અથવા તો ખુલ્લા પ્લોટમાં નાંખી દેવામાં આવતો હોય છે. મ્યુનિસિપલ તંત્ર દ્વારા શહેરના વિવિધ વોર્ડમાં ૨૬ જેટલા પ્લોટ કન્સ્ટ્રકશન વેસ્ટના નિકાલ માટે નકકી કરેલા છે.આ પ્લોટ ઉપર શહેરીજનો તેમને ત્યાંથી નીકળતો કન્સ્ટ્રકશન વેસ્ટ નાંખી શકે છે.

**એક આરોપી પાલનપુર લૂંટનો વોન્ટેડ હોવાનું ખુલ્યું**

# અમદાવાદ ક્રાઈમ બ્રાંચે ૧૨ પિસ્તોલ અને ૫૦ જીવતા કારતૂસ સાથે ૩ લોકો ઝડપાયા

## ગેંગવોર અને લૂંટના પ્લાનને અંજામ આપવા હથિયાર મંગાવ્યા હોવાનો ખુલાસો થયો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૪ ।

અમદાવાદ ક્રાઈમ બ્રાંચની મોટી કાર્યવાહી સામે આવી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચે ૧૨ દેશી પિસ્તોલ અને ૫૦ જેટલા જીવતા કારતૂસ સાથે ૩ લોકોની ધરપકડ કરવામાં આવી છે. અમદાવાદ સહિત અન્ય જગ્યાઓ પર ક્રાઈમ બ્રાંચે તપાસ હાથ ધરી હતી. જેમાંથી એક આરોપી પાલનપુર લૂંટનો વોન્ટેડ છે. જ્યારે બીજો આરોપી કર્ણાટકમાં થયેલી લૂંટનો વોન્ટેડ છે. તો ત્રીજો આરોપી રાજસ્થાનમાં મારામારીના ગુનામાં સંડોવાયેલો છે. પ્રાપ્ત થતી વિગતો અનુસાર ગેંગવોર અને લૂંટના પ્લાનને અંજામ આપવા હથિયાર મંગાવ્યા હોવાનો ખુલાસો થયો છે.

બીજી તરફ અમદાવાદના અસલાલીમાં એસએમસીના દરોડા પાડ્યા છે. અમદાવાદના પીરાણા સ્થિત ગઢવીના ફાર્મ હાઉસથી દારુ પકડાયો છે. ગોડાઉનમાં ૨૮ લાખથી વધુની કિંમતની બોટલો મળી આવી છે. પોલીસે ૨૧ હજારથી વધુ દારૂની બોટલો જપ્ત કરી છે. દારૂ સહિત રૂ.૪૩.૫૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરી છે. દારૂ મોકલનાર, મંગાવનાર સહિતની તપાસ હાથ ધરી છે.







## વેરાવળમાં પાલિકાએ મકાન પાડવાની નોટિસ આપતાં મહિલાનો આપઘાત

। પ્રતિનિધિ, વેરાવળ, તા.૨૪ ।

વેરાવળ નગરપાલિકાએ મકાન પાડી નાખવાની નોટિસ આપતા ચિંતામાં સરી પડેલી મહિલાએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું સામે આવ્યું છે. આ ઘટનાની જાણ થતાં જ સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમા પણ હોસ્પિટલ પહોંચ્યા હતા. તેમણે તંત્ર પર પ્રહાર કરતા કહ્યું હતું કે, આ આપઘાત નહીં પણ સિસ્ટમે કરેલું મર્ડર છે. વેરાવળ સરકારી હોસ્પિટલ નજીક મફતીયાપરા વિસ્તારમાં રહેતા માયાબેન રામપદ સરકાર (ઉ.૪૨) એ શનિવારે રાત્રિના સમયે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ અંગે તપાસ કરાતા એવું સામે આવ્યું હતું કે, વેરાવળમાં સિવિલ હોસ્પિટલ નજીક ટી.પી.સ્કીમ ૨ અંતીમખંડ ૧૦૭ વાળી સરકારી જમીનમાં કાચા મકાનોના અનઅધિકૃત દબાણ થયેલા છે. તેને દૂર કરવા ત્રણેક દિવસ પહેલાં પાલીકા તંત્ર દ્વારા અંદાજે ૭૦ લોકોને દબાણો દૂર કરવા નોટિસો પાઠવવામાં આવી હતી. જેમાં ૨૦મી સપ્ટેમ્બર સુધીમાં મકાન ખાલી કરવાની મુદત આપવામાં આવી હતી.

## બાળકીને પીંખી નાંખી, બળાત્કાર, અપહરણ અને પોક્સો એક્ટ હેઠળ ગુનો દાખલ

। પ્રતિનિધિ, ભરૂચ, તા.૨૪ ।

જીલ્લામાં બળાત્કારના કિસ્સાઓમાં ઘરખમ વધારો નોંધાયો છે. હવે તો માસુમ બાળકીઓ પણ સુરક્ષિત નથી તેવો કિસ્સો પાનોલી પંથકના એક ગામમાંથી સામે આવ્યો છે. જેમાં ઘર આંગણે રમતી બાળકીને પરપ્રાંતીય નરાધમ પર દુષ્કર્મ કરવાનો આરોપ છે. બાળકીના રડવાનો આવાજ આવતા લોકો સ્થળ પર દોડી આવ્યા હતા અને બાળકીને બચાવી બેભાન અવસ્થામાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવી હતી. પોલીસે ગુનાની ગંભીરતા સમજી તાત્કાલિક બાળકીને સારવાર અપાવવા સાથે નરાધમની અટકાયત કરી હતી.બનાવની મળતી માહિતી અનુસાર, ભોગ બનનારની માતા બાળકીને લઈ નજીકના રોસ્ટોરન્ટમાં કામ કરવા જતી હતી. ત્યાં નજીકમાં જ રહેતો પરપ્રાંતીય ૨૭ વર્ષીય દિપક કુમાર લાલબાબુ સીંગ બાળકીને ઘણી વખત રમાડતો અને રમાડવા લઈ પણ જતો હતો.

### ખોરાકી અને પાણીજન્ય રોગચાળામાં ચિંતાજનક વધારો : તંત્ર નિષ્ફળ

# અર્બન હેલ્થ સેન્ટરોમાં તાવના દર્દીઓના આશરે ૭૨ હજારથી વધુ બ્લડ ટેસ્ટ કરાયા

**શહેરમાં વાયરલ ફિવર, મેલેરિયા, ડેન્ગ્યુ અને ચીકનગુનિયા ઉપરાંત સ્વાઇન ફ્લુના કેસોમાં સતત વધારો નોંધાઇ રહ્યો છે**

। માહિતી બ્યુરો, અમદાવાદ, તા.૨૪ ।







શહેરમાં તાવનાં વધતાં પ્રકોપને પગલે મ્યુનિ. અર્બન હેલ્થ સેન્ટરમાં સારવાર લેવા આવતાં દર્દીઓને કયા પ્રકારનો તાવ આવ્યો છે તે જાણવા માટે ૭૨ હજારથી વધુ બ્લડ ટેસ્ટ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. શહેરમાં વાયરલ ફિવર, મેલેરિયા, ડેન્ગ્યુ અને ચીકનગુનિયા ઉપરાંત સ્વાઈન ફ્લુના કેસોમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. ખાસ કરીને સ્લમ વિસ્તારોનાં નાગરિકો તાવ આવે એટલે તરત નજીકનાં અર્બન હેલ્થ સેન્ટરમાં દોડી જતાં હોય છે. તેમને વાયરલ ફિવર છે કે મેલેરિયા છે કે ડેન્ગ્યુ થયો છે તે જાણવા માટે બ્લડ ટેસ્ટ કરાવવામાં આવે છે. છેલ્લા ૨૧ દિવસમાં જ તાવની તપાસ માટે ૭૨ હજારથી વધુ બ્લડ ટેસ્ટ કરવામાં આવ્યા છે, જ્યારે ડેન્ગ્યુ થયો છે કે નહિ તે જાણવા માટે ૯૫૦૦થી વધુ સીરમ સેમ્પલ લેવામાં આવ્યા છે. સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે, ચોમાસાની મોસમમાં તેમજ હાલ બદલાયેલાં વાતાવરણમાં વાસી તથા બિનઆરોગ્યપ્રદ ખાદ્યપદાર્થ આરોગવાનાં કારણે તેમજ પ્રદૂષિત પાણી પીવાના કારણે ઝાડાઉલ્ટી, કમળો, ટાઈફોઈડ તથા કોલેરાનાં રોગચાળામાં ચિંતાજનક વધારો થયો છે. મ્યુનિ.કમિશનર એમ. થેન્નારસને પણ ખોરાકી અને પાણીજન્ય રોગચાળાને લઈ અનેકવાર અધિકારીઓને ખખડાવ્યા છે, તેમ છતાં ફૂડ વિભાગનાં અધિકારી શેઠની શિખામણ ઝાંપા સુધીની કહેવતને અનુસરી કામગીરી કરે છે. ખોરાકી અને પાણજન્ય રોગચાળાનાં આંકડા ૨૦૨૨ તથા ૨૦૨૩નાં વર્ષનાં આંકડા કરતાં વધી ગયા છે અને વર્ષ ૨૦૨૪ને પૂરું થવામાં હજુ ૩ મહિના બાકી છે. શહેરમાં તાવનાં વધતાં પ્રકોપને પગલે મ્યુનિ. અર્બન હેલ્થ સેન્ટરમાં સારવાર લેવા આવતાં દર્દીઓને કયા પ્રકારનો તાવ આવ્યો છે તે જાણવા માટે ૭૨ હજારથી વધુ બ્લડ ટેસ્ટ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. શહેરમાં વાયરલ ફિવર, મેલેરિયા, ડેન્ગ્યુ અને ચીકનગુનિયા ઉપરાંત સ્વાઈન ફ્લુના કેસોમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. ખાસ કરીને સ્લમ વિસ્તારોનાં નાગરિકો તાવ આવે એટલે તરત નજીકનાં અર્બન હેલ્થ સેન્ટરમાં દોડી જતાં હોય છે.

## ભાવનગરમાં હીરાદલાલની હત્યા કરીને બાબરા પાસે મૃતદેહ સળગાવી દીધો

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૨૪ ।

ભાવનગરમાં રહેતા અને હીરાની દલાલીનું કામ કરતા આધેડની ભાવનગર જિલ્લામાં હત્યા કરી નખાઈ હતી. એ પછી આરોપીઓએ છેક ૧૦૦ કિલોમીટર દૂર જઈને બાબરા નજીક લાશને સળગાવવાની કોશિશ કરી હતી. જો કે આ બાબત જી.આર.ડી. જવાનોને ધ્યાને આવતા જાણ કરતા અમરેલી પોલીસે પહોંચીને ત્રણ શખ્સોની અટકાયત કરી હતી. આ ત્રણેયનો કબજો ભાવનગર પોલીસને સોંપતા, પોલીસે ત્રણેય સામે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ધરાઈ ગામ પાસે ફરજ બજાવતા જી.આર.ડી. જવાનોને એક શંકાસ્પદ કાર નજરે પડતા પેટ્રોલીંગમાં રહેતી અમરેલી પોલીસની ટીમને જાણ કરી હતી. એ પછી પોલીસની ટીમના સભ્યો કૃષ્ણનગરથી દેવળીયા જવાના કાચા માર્ગ પર પહોંચ્યા હતા. જ્યાં ફોર્ડ કંપનીની એક કાર શંકાસ્પદ મળી આવી હતી અને તેમાંથી ત્રણ યુવકો હતા. પોલીસે તપાસ કરતા એક વ્યકિતની લાશ સળગતી હોવાનું સામે આવ્યું હતું. આથી પોલીસે ત્રણેયની પૂછપરછ કકરતા જાણવા મળ્યુ હતુ કે ગઈકાલે હીરા બજારમાં દલાલી કરતા ધીરુભાઈ રાઠોડને જ્વેલર્સ સર્કલ પાસેથી અજાણ્યા શખ્સો સાથે બેસાડી તળાજા હીરાના કામે લઈ ગયા હતા. જ્યાં તેનું ખૂન કરી નાખવામાં આવ્યું હતું.

### નવી સિવિલ દર્દીઓથી ઉભરાઈ

# સુરત શહેરમાં ડેન્ગ્યૂથી છેલ્લા બે મહિનામાં ૮ વ્યક્તિનાં મોત થયાં

। પ્રતિનિધિ, સુરત, તા.૨૪ ।

સુરતમાં રોગચાળાને લઈ ધારાસભ્યએ અનેક પ્રશ્નો ઉઠાવ્યા છે. રોગચાળાના આંકડામાં સત્તત વધારો થઈ રહ્યો છે. નવી સિવિલ દર્દીઓથી ઉભરાઈ રહી છે. ત્યારે નવી સિવિલ તબીબ ડો જિગીષા પાટડિયાએ સ્વીકાર કર્યો છે કે ઓગસ્ટ અને સપ્ટેમ્બર એમ આ બે મહિનામાં રોગચાળામાં વધારો થયો છે. સુરતમાં ડેન્ગ્યૂથી ૨ મહિનામાં ૮નાં મોત થયા છે. સુરત મહાનગર પાલિકા અને સિવિલ હોસ્પિટલના ડેન્ગ્યુના કેસોમાં વિરોધાભાસ છે જેમાં ૪ મહિનામાં પાલિકાના ચોપડે માત્ર ૮૭ કેસ નોંધાયા છે જ્યારે સિવિલમાં ડેન્ગ્યૂના ૨૩૯ દર્દી દાખલ થયા છે. ઓગસ્ટમાં સિવિલમાં ૧૫૫ દર્દી દાખલ થયા જ્યારે સપ્ટેમ્બરના ૧૦ દિવસમાં જ ૨૧ દર્દી દાખલ થયા છે. સાથોસાથ ખાનગી હોસ્પિટલમાં ત્રણ ગણા કેસ નોંધાય છે. ચાલુ સપ્ટેમ્બર માસના સ્મિમેર હોસ્પિટલ અને નવી સિવિલ હોસ્પિટલમાં મલેરિયા અને ડેન્ગ્યૂના ૯૪ જેટલા કેસો નોંધાયા છે. જ્યારે પ્રાઈવેટ હોસ્પિટલમાં એના કરતાં ત્રણ ગણા કેસો નોંધાઈ ચૂક્યા છે. સુરત મહાનગરપાલિકા સવા લાખ ઘરોનો સરવે રોજ કરી રહી છે. અત્યારસુધી ૨૬ લાખ ઘરોનો સરવે પાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવ્યો જેમાંથી ૬૭ હજાર ઘરોમાં મચ્છરોનાં બ્રીડિંગ મળી આવ્યાં. એપ દ્વારા ખાનગી હોસ્પિટલમાંથી આંકડા મંગાવવામાં આવી રહ્યા છે. નવી સિવિલના તબીબ જિગીષા પાટડિયાએ જણાવ્યું હતું કે, રોગચાળાને લઈ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે, ચોમાસા બાદ ડેન્ગ્યુ અને મેલેરિયાના કેસો વધ્યા છે .ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં રોગચાળો વધ્યો છે. ઓગસ્ટ મહિનામાં ડેન્ગ્યુના ૧૫૦ કેસો નોધાયા છે. સપ્ટેમ્બર મહિનામાં ડેન્ગ્યુના ૨૦ કેસ નોધાયા તો વર્ષ ૨૦૨૪ માં દક્ષિણ ગુજરાતમાં ૪૪૦ કેસ ડેન્ગ્યુના નોધાયા છે. રોગચાળાના સિસ્ટમ્સ દેખાય ત્યારે તાત્કાલિક હોસ્પિટલ આવો રોગનું નિદાન કરાવો અને આપના આસપાસમાં ફેલાયેલ ગંદકીની જાણકારી પાલિકાને આપો. સુરતમાં રોગચાળાને લઈ ધારાસભ્યએ અનેક પ્રશ્નો ઉઠાવ્યા છે.

## એક કા ડબલ અને એ પણ ડોલરમાં... લાલચમાં મહેસાણાના વેપારીએ કરોડો ગુમાવ્યા

। પ્રતિનિધિ, મહેસાણા, તા.૨૪ ।

એકના ડબલની વાત આવે ત્યારે ભલભલો માણસ લાલચમાં આવી જાય અને તે અભણ હોય કે ભલે તે ભણેલો હોય. અભણ વ્યક્તિને તો કોઈ છેતરી જાય એ માની લઈએ પરંતુ ભણેલાને પણ કોઈ છેતરી જાય તો નવાઈ લાગે. જોકે ભણેલાને છેતરનાર પણ એવા ચાલાક હોય કે ભણેલા સમજુ વ્યક્તિઓને પણ એવા સમજાવી નાંખે કે એકના ડબલ રૂપિયા લેવાની લાલચની જાળમાં ફસાવી દે. આવું જ કઈક મહેસાણામાં બન્યું કે જેમાં એક વેપારી સહિત ૬૦ લોકો એકના ડબલ લેવામાં કુલ દોઢ કરોડમાં છેતરાઈ ગયા. એકના ડબલ રૂપિયાની ઓફર હોય તો કોને નથી જોઈતી હોતી? સૌને ઝડપી રૂપિયા કમાવી લેવા હોય છે અને રૂપિયા ઝડપી કમાવી લેવાની લ્હાયમાં ઘણા લોકો મૂડી પણ ખોઈ બેસે છે. આવું જ કાઈક બન્યું છે મહેસાણામાં. એક વેપારીને કેટલાક શખ્સોએ સ્કીમ આપી કે ટૂંક સમયમાં તમારા રૂપિયા ડબલ અને એ પણ ડોલરમાં. મહેસાણા તાલુકા પોલીસ મથકે ફરિયાદી ભાવેશ દવેએ જે ૪ શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી.

## પાટણમાં સાવકી માતાના પ્રેમી પર લાગ્યો ૧૬ વર્ષની દીકરી પર દુષ્કર્મનો આરોપ

। પ્રતિનિધિ, પાટણ, તા.૨૪ ।

રાજ્ય સહિત દેશમાં અવારનવાર બળાત્કારોની ઘટનાઓ અવાર-નવાર સામે આવી રહી છે. નરાધમો નાની બાળકીઓને પણ પોતાની હવસનો શિકાર બનાવવામાં અચકાતા નથી. ત્યાં પાટણ જિલ્લાના સમી પંથકમાં માતા અને પુત્રીના સંબંધને કલંકિત કરી દે તેવી ઘટનાએ લોકોમાં અરેરાટી મચાવી છે.સમી પંથકમાં ૧૬ વર્ષીય સગીરા પર તેની સાવકી માતાના પ્રેમીએ દુષ્કર્મ આચર્યુ હોવાનો આરોપ છે અને આ કુકર્મ તેની સાવકી માતાએ કરાવ્યું હોવાનું જણાયું છે. સાવકી માતાએ ૯ ડિસેમ્બરના રોજ ૧૬ વર્ષીય સગીરાને દવાખાને જવાના બહાને ઘરેથી નીકળી હતી. આરોપી સાવકી માતાએ દીકરીને તેના પ્રેમી રઘુ રાવળ સાથે ગાડીમાં બેસાડીને અમદાવાદ લઇ ગઇ હતી. આરોપી સાવકી માતાએ તેના પ્રેમી સાથે રહીને સગીરાને અલગ અલગ જગ્યાએ લઇ જઇને સગીરાની મરજી વિરુદ્ધ પોતાના પ્રેમી દ્વારા દુષ્કર્મ કરાવ્યાનો આરોપ છે.




## ગુજરાત હાઈકોર્ટનો આદેશ

# પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટના અમલ માટે મોનિટરિંગ કમિટી અંગે સરકાર જવાબ આપે

**હાઈકોર્ટે શહેરમાં એકત્ર કરવામાં આવતા પ્લાસ્ટિકના કચરાનું સંચાલન કરતા ત્રણ ઓપરેટરોની સંલગ્ન પ્રક્રિયા અંગેના દસ્તાવેજો મંગાવ્યા હતા**



। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૪ ।

ગિરનાર પર્વત પર પ્લાસ્ટિકના પ્રદૂષણ સહિતના મુદ્દે થયેલી જાહેરહિતની અરજીના મામલે હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે એક આદેશ જાહેર કર્યો છે. જેમાં નોંધ્યું છે કે,'સંબંધિત એકમો જે રીતે સંબંધિત નિયમો હેઠળ જરૂરી પરવાનગીઓ વિના કામ કરી રહ્યા હતા, તે સ્પષ્ટ કરે છે કે શહેર મ્યુનિસિપલ કમિશનર કોર્પોરેશનના વડા તરીકે તેમની જવાબદારી પ્રત્યે બેધ્યાન હતા.' એટલું જ નહીં હાઈકોર્ટની ખંડપીઠે અગાઉના આદેશને ફરીથી ટાંકતા રાજ્ય સરકારને આદેશ કર્યો છે કે,'પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સના અસરકારક અમલ માટે રાજ્ય સરકારને રાજ્ય કક્ષાની મોનિટરિંગ કમિટીનું ગઠન કરવાનું કહેવામાં આવ્યું હતું. જે માટે એડવોકેટ જનરલ દ્વારા જવાબ આપવામાં આવે અને આગામી સુનાવણી સુધીમાં એડિશનલ ચીફ સેક્રેટરીનું સોગંદનામું કરવામાં આવે.' આ કેસની વધુ સુનાવણી ૧લી ઓક્ટોબરે મુકરર કરાઈ છે. કોર્ટે આદેશમાં નોંધ્યું છે કે,જીપીસીબીના ઈન્સ્પેક્શનના અહેવાલો અને કોપ ૉરેશનના વાર્ષિક અહેવાલોમાં આપ વામાં આવેલી વિગતો દર્શાવે છે કે બંને સત્તાવાળાઓ (નિગમ અને જીપીસીબી પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ નિયમો ૨૦૧૬ની જોગવાઈઓની સંપૂર્ણ અવગણના કરી છે. પ્લાસ્ટિક કચરાના અલગીકરણ, સંગ્રહ, સંગ્રહ, પરિવહન, પ્રક્રિયા અને નિકાલ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સ્થાપના માટે નિયમ ૬ હેઠળ સ્થાનિક સંસ્થાની જવાબદારી ફિક્સ કરવામાં આવેલી છે. સ્પષ્ટ છે કે જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પોતાની રીતે અને ખાનગી ઓપ રેટરોની સંલગ્નતા દ્વારા બનાવવામાં આવેલી ત્રણ સુવિધાઓમાં પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ નિયમો, ૨૦૧૬ની જોગવાઈઓનું સંપૂર્ણ ઉલ્લંઘન કરવામાં આવ્યું છે.' કોર્ટે વધુમાં નોંધ્યું હતું કે, જીપીસીબીના રિપ ૉર્ટમાં જે ચોંકાવનારી હકીકતો રેકોર્ડ પર આવી છે, તે સ્પષ્ટ છે કે જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનના મ્યુનિસિપલ કમિશનર પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ નિયમો, ૨૦૧૬ની જરૂરિયાતથી અજાણ હતા.' હાઈકોર્ટે શહેરમાં એકત્ર કરવામાં આવતા પ્લાસ્ટિકના કચરાનું સંચાલન કરતા ત્રણ ઓપરેટરોની સંલગ્ન પ્રક્રિયા અંગેના દસ્તાવેજો મંગાવ્યા હતા. તે આગળ ઓપરેટરોને કોન્ટ્રાક્ટ આપ વા સંબંધિત સમગ્ર મૂળ રેકોર્ડની માગણી કરે છે. કોર્ટે મ્યુનિસિપલ કમિશનરની એફિડેવિટ સાથે કોન્ટ્રાક્ટર અને સિટી કોર્પોરેશન દ્વારા નિયમો અનુસાર રજૂ કરેલા વાર્ષિક અહેવાલો મંગાવ્યા છે. કોર્ટે તેના ૧૭મી સપ્ટેમ્બરના આદેશમાં જીપીસીબીની રજૂઆતની નોંધ લીધી હતી કે એવું જાણવા મળ્યું હતું કે જ્યાં કચરાની પ્રોસેસ કરવામાં આવે છે તે ત્રણ એકમોમાંથી કોઈએ પણ તેને હાથ ધરવા માટે બોર્ડ પાસેથી કોઈ પ રવાનગી લીધી નથી.

## મકાન આકારણી માટે વચેટિયા મારફતે રકમ લીધી

# ભુજના કુકમા ગામે તલાટી બે લાખની લાંચ લેતાં ઝડપાયો

। પ્રતિનિધિ, ભુજ, તા.૨૪ ।

ગ્રામ પંચાયતના ચોપડે મકાનની આકારણી દાખલ કરવાની અવેજમાં ચાર લાખ રૂપિયાની લાંચ માંગી એડવાન્સમાં બે લાખ રૂપિયા લેતા ભુજના કુકમા ગ્રામ પંચાયતનો તલાટી અને પંચાયત સદસ્ય વચેટિયા મારફતે લાંચ લેતાં ઝડપાઈ ગયાં છે. એસીબીએ કરેલી ટ્રેપના પગલે ભારે ચકચાર મચી ગઈ છે. એસીબીના સૂત્રોએ જણાવ્યું હતું કે, ફરિયાદીએ કુકમા જૂથ ગ્રામ પંચાયતના તલાટી વાઘસિંહ તેજસિંહ વાઘેલા (વર્ગ-૦૩) અને અને પંચાયતના સદસ્ય ઉત્તમ શિવલાલ રાઠોડનો આકારણી સંદર્ભે સંપર્ક કર્યો હતો. બેઉ જણે ચાર લાખ રૂપિયાની લાંચની માંગણી કરી હતી. ચાર લાખમાંથી પચાસ ટકા એટલે કે બે લાખ રોકડાં રૂપિયા એડવાન્સમાં આપવા જણાવેલું. આ અંગે ફરિયાદીએ ભુજ એસીબી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરતાં એસીબીએ આજે છટકું ગોઠવ્યું હતું. તલાટી અને પંચાયત સભ્યએ પોતે રૂબરૂ નાણાં લેવાના બદલે ગામના બસ સ્ટેશન પાસે દાબેલીની લારી ચલાવતાં નિરવભાઈ વિજયભાઈ પરમારને રૂપિયા આપી દેવા જણાવ્યું હતું. જેવા નાણાં અપાયાં કે એસીબીએ તુરંત એક્શનમાં આવી વચેટિયા અને તલાટીને ઝડપી લીધાં હતાં. જો કે, ઉત્તમ રાઠોડ હાથ લાગ્યો નથી.

# રાજકોટમાં દારૂકાંડમાં ભાજપ નેતાનું નામ ખુલ્યુ

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૨૪ ।

રાજકોટમાં દારૂકાંડમાં ભાજપ નેતાનું નામ ખુલ્યુ છે. જેમાં દારૂનો વેપલો કરનાર જયદીપ દેવડા સામે કાર્યવાહી થશે. ભાજપના બક્ષીપંચ મોરચાના પ્રમુખ સામે પગલાં લેવાશે. જેમાં દારૂનો જથ્થો જયદીપ દેવડા મંગાવતો હોવાનો ખુલાસો થયો છે. મિત દેવડા અને પ્રિયંક ઉર્ફે કાનો લોખીલ દારૂ વેંચતો હતો. ફરાર જયદીપ દેવડા ઝડપાયા બાદ વધુ ખુલાસો થશે.દારૂ, બિયર ક્યાંથી લઈ આવતો તે અંગે ખુલાસો થશે. ૨૦૧૯માં જયદીપ દેવડાએ પોલીસ પર હુમલો કર્યો હતો. પોલીસે તે સમયે જયદીપ દેવડાનું સરઘસ કાઢ્યું હતું. તેમજ ભાજપ સંગઠનમાં સ્થાન કેવી રીતે અપાયું તે સવાલો ઉઠી રહ્યાં છે. જેમાં રાજકોટ વોર્ડ નંબર ૧૪ના ભાજપના બક્ષીપંચ મોરચાના પ્રમુખની દારૂકેસમાં સંડોવણીનો મામલો ચર્ચાનો વિષય બન્યો છે. દારૂનો વેપલો કરનાર જયદીપ દેવડા સામે ભાજપ પગલાં લેશે. તેમાં દારૂનો જથ્થો જયદીપ દેવડા મંગાવતો હતા.







## તંત્રી લેખ..

# પાયરેસીની તકલીફ

વર્ષોથી પાયરેસીનો ડંખ બોલિવુડને ઝેલવાની ફરજ પડી રહી છે. તે રોજગારી પર પણ સીધી અસર કરે છે. પાયરેસીના સમસ્યા અને તેના પર અંકુશ મુકવાની બાબતને લઈને હમેંશાથી ચર્ચા રહી છે. પાયરેસી સામે લોકડાઉન પહેલા અવાજ પણ ઉઠી ચુકી ચુકી છે. બોલિવુડના સંબંધિત લોકો દ્વારા આ મામલાને ગંભીરતાથી લેવાની શરૂઆત કરી દીધી છે. એક ફિલ્મ બનાવવામાં ખુબ પૈસા ખર્ચ થાય છે. કેટલાક લોકોના રોજગાર તો ફિલ્મ સાથેજ જોડાયેલા છે. જેથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ હવે પાયરેસીની સામે એક મત થઈ રહી છે. પાયરેસીની ફિલ્મ પર માઠી અસર થાય છે. ફિલ્મ નિર્માતાને વધારે નુકસાન થાય છે. સારી પટકથા ધરાવતી ફિલ્મો લીક કરવામાં આવે છે. ઓછા લોકપ્રિય ચહેરા ધરાવતી ફિલ્મ બનાવવા માટે નાણાં ઓછા ખર્ચ કરવામાં આવે છે પરંતુ મોટા સ્ટાર ધરાવતી ફિલ્મ બનાવવા પાછળ તો જંગી નાણાં ખર્ચ કરવામાં આવે છે. પાયરેસીના સફાયાની બાબત તો શક્ય દેખાતી નથી પરંતુ તેના પર કેટલાક પગલા લઈને અંકુશ મુકી શકાય છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝની સાથે સાથે સરકારને પણ કઠોર નિયમો બનાવવાની જરૂર છે. આના માટે નિષ્ણાંતોની કમિટી બનવી જોઈએ. સામાન્ય લોકો પણ પાયરેસીના મામલે તમામ બાબતો જાણે છે. પાયરેસી ફિલ્મ જોવાની બાબત એક ચોરી સમાન છે. મોઘા ટિકિટ પાયરેસીના માંગને વધારી દેવા માટે ચોક્કસ પણે કારણરૂપ છે. કારણ કે સામાન્ય ફિલ્મને નિહાળવા માટે કોઈ પણ પરિવાર ૨૦૦૦ રૂપિયા ખર્ચ કરશે નહી. આવી સ્થિતીમાં તે વેબસાઈટ પરથી જ આવી ફિલ્મ ડાઉનલોડ કરી નાંખે છે અને ઘરમાં જોઈ નાંખે છે. જો કે કેટલાક લોકો માને છે કે શહેરોમાં હજુ પણ સિંગલ સ્ક્રીન રહેલા છે જ્યા સસ્તામાં ફિલ્મ નિહાળી શકાય છે. થિયેટરના જાદુને ક્યારેય લેપટોપ અને સ્માર્ટ ફોન પર મેળવી શકાય નહી. પરંતુ લોકોને વિચારવાની જરૂર છે કે આવા સરળ મનોરંજનના ચક્કરમાં તેઓ કેટલાક લોકોની રોજગારી પર લાત મારી રહ્યા છે. લોકોને સમજી લેવાની જરૂર છે કે આ ફિલ્મની પાછળ સેંકડો લોકોની રોજગારી જોડાયેલી હોય છે. ફિલ્મ સારો કારોબાર કરે છે તો ઈન્ડસ્ટ્રીઝ આના કારણે આગળ વધે છે. પરંતુ પાયરેસી ફિલ્મના કારણે તેની ગણતરી પર માઠી અસર થાય છે. લોકો દસ રૂપિયા ખર્ચ કરીને પાયરેટેડ ફિલ્મને પોતાના મોબાઈલમાં અથવા તો લેપટોપમાં ડાઉનલોડ કરી નાંખે છે. આ બાબત ચોક્કસપણે ખોટી અને ગેરકાયદે છે. પાયરેસીના શિકાર થયેલી મોટી ફિલ્મમાં રજનિકાંતની કબાલી પણ સામેલ છે. રજનિકાતના એક્શન ફિલ્મ રજૂ કરવામાં આવ્યાના ૭૦ મિનિટમાં જ લીક થઈ ગઈહતી. ફિલ્મ ૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવી હતી. જો કે ફિલ્મે પ્રથમ સપ્તાહમાં ૩૫૦ કરોડની કમાણી કરી હતી પરંતુ પાયરેસીના કારણે તેને પણ નુકસાન થયુ હતુ. જાણકાર લોકો માને છે કે કોઈ પણ વ્યક્તિ પેટ કાપીને તો ફિલ્મ નિહાળવા જશે નહી. નિર્માતા અને નિર્દેશકો તથા સરકાર માત્ર કમાણીને જ નહી બલ્કે લોકોની સંખ્યાને પણ ધ્યાનમાં લે તે જરૂરી છે. ટિકિટની કિંમત ઓછી હોવી જોઈએ, સાથે સાથે કાયદાકીય જોગવાઈ પણ કઠોર હોવી જોઈએ. દેશના આઈટી એક્ટમાં ફિલ્મ પાયરેસીને રોકવા માટે હજુ સુધી કોઈ ખાસ જોગવાઈ નથી

# સ્કીન માટે ફીશ ઓઇલ ખુબ આદર્શ



હાલમાં કોરોના કાળની સ્થિતી રહેલી છે. લોકો બિમારીને ટાળવા માટે બનતા તમામ પ્રયાસો કરી રહ્યા છે. સાથે સાથે પોતાની રોગ પ્રતિકારક ક્ષમતા વધારવા માટે તમામ વિકલ્પનો ઉપયોગ કરી રહ્યા છે. જાણકાર નિષ્ણાંતો પણ આ વાતને માને છે કે ફિશની બનેલી ચીજો આરોગ્ય માટે ઉપોગી રહેલી છે. સાથે સાથે તેમાં કેલ્શિયમ પણ પુરતા પ્રમાણમાં રહે છે. ફિશ ઓઈલ કોરોનાની વિકટ સ્થિતીમાં માત્ર આરોગ્ય માટે જ નહીં બલ્કે અન્ય રીતે પણ ઉપયોગી છે.

ફીશ ઓઈલના ઘણા ફાયદા છે તે બાબત અગાઉ પણ સાબિત થઈ ચુકી છે. હવે ફરી આ વાતને અભ્યાસમાં સમર્થન મળ્યું છે. ફીશ ઓઈલ માત્ર આરોગ્ય માટે જ યોગ્ય નથી બલકે વાળ, સ્કીન માટે પણ ફીશ ઓઈલ ખૂબ જ મહત્વપૂર્ણ અને ઉપયોગી છે. આ ઉપરાંત જુદા જુદા રોગને રોકવામાં પણ ફીશ ઓઈલની ભુમિકા છે. ફીશ ઓઈલના ફાયદાઓને લઈને વારંવાર અભ્યાસ થતા રહ્યા છે. સ્વસ્થ હાર્ટને જાળવી રાખવા કોઈપણ વ્યક્તિને વધારે પ્રમાણમાં ફીશ ઓઈલ ધરાવનાર ભોજન ઉપયોગમાં લેવાની જરૂર છે. હાર્ટના રોગના ખતરાને ઘટાડવામાં તેમા રહેલા ઉમેગા-૩ તત્વો ઉપયોગી છે. આ ઉપરાંત તે એલડીએલ કોલેસ્ટ્રોલ પ્રમાણને પણ ઘટાડે છે. સાથે સાથે એચડીએલનું પ્રમાણ વધારે છે. એનડીએલ કોલેસ્ટ્રોલ ખરાબ કોલેસ્ટ્રેલ તરીકે ગણવામાં આવે છે. તે સારા કોલેસ્ટ્રોલના પ્રમાણને વધારે છે. ફીશ ઓઈલ હાર્ટ સ્ટ્રોકને ટાળવામાં પણ ઉપયોગી સાબિત થાય છે. ઓસ્ટ્રેલિયામાં કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ફીશ ઓઈલ હાઈપર ટેન્શનની સારવારમાં પણ ઉપયોગી બની શકે છે. આ ઉપરાંત સ્લીમ રહેવમાં પણ મદદરૂપ બને છે. અભ્યાસમા જાણવા મળ્યુ છે કે વજન ઘટાડવામાં તેની ભુમિકા છે. નિયમિત પ્રમાણમાં ફીશ ઓઈલને ઉપયોગમાં લેવામાં આવે તો ખૂબ જ અસરકારક સાબિત થઈ શકે છે. અસ્થમાં જેવી શ્વાસની તકલીફ ધરાવતા લોકોને ફીશ ઓઈલ ખાવાથી ફાયદો થાય છે. સંશોધકોએ કહ્યું છે કે હાઈફીશ ડાઈટ ઉપર રહેલા બાળકોને પણ ધ્યાનમાં લેવામાં આવ્યા છે. જુદા જુદા ગ્રુપમાં બાળકોને વિભાજિત કરીને તેમના ઉપર નજર રાખવામાં આવી હતી. હાઈફીશ ડાઈટ ઉપર થોડાક બાળકોને રાખાવમાં આવ્યા હતા. જ્યારે અન્ય બાળકોને નિયમિત ડાઈટ ઉપર રાખવામાં આવ્યા હતા. પરિણામમાં જાણવા મળ્યું કે વધુ ફીશ ખાનાર બાળકો અસ્થમાના ઓછા શિકાર દેખાયા હતા અને તેઓ વધુ સારી રીતે શ્વાસ લઈ શકતા હતા. ફીશ ઓઈલના અન્ય ઘણા ફાયદા છે. ઓમેગા-૩ ફીશ ઓઈલ કેન્સરના સૌથી સામાન્ય સ્વરૂપ પૈકીના ત્રણ સ્વરૂપોને રોકે છે. જેમાં સ્થન કેન્સર અને પ્રોસ્ટટેટ કેન્સરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ખતરનાક સેલોને પણ મારી નાખે છે. ફીશ ઓઈલથી વાળની ખૂબસુરતી અને ચમક વધે છે. ઓમેગામાં એવા તત્વો હોય છે જે વાળના ગ્રોથને વધારે છે તથા હેરલોસને અટકાવે છે. ફીશમાં મોટા પ્રમાણમાં પ્રોટીન તત્વો હોય છે.અત્રે નોંધનીય છે કે ભારતમાં વધતા જતા કેસો વચ્ચે છેલ્લા ૮૨ દિવસોમાં દેશમાં કોરોનાના કેસોની સંખ્યા બે ગણી થઈ ગઈ છે.પાંચ રાજ્યોમાં મોતના આંકડામાં વધારો થયો છે. કોરોનાની બીજી લહેરનો કહેર જારી છે. ગઈ વખતના સર્વોચ્ચ આંકડા કરતા આ આંકડા ૧૦ હજાર વધારે છે. આની સાથે જ મોતના મામલે પણ નવા રેકોર્ડ સર્જાઈ રહ્યા છે. કોરોના લહેર દિન પ્રતિદિન ઘાતક બની રહી છે. તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં કેસોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યોછે. ૩૦મી એપ્રિલના દિવસે ચાર લાખ કેસ સપાટીપર આવ્યા હતા.દિલ્હીમાં સંપૂર્ણ લોકડાઉન લાગુ કરવામાં આવ્યા બાદ સ્થિતીમાં આંશિક સુધારો થઈ રહ્યોછે. જો કે હાલમાં સ્થિતી સુધરી ગઈ છે તેમ કહી શકાય તેમ નથી. ૧૮ રાજ્યો કઠોર નિયમો પાળી રહ્યાછે.




### વિદ્યાર્થીઓ વચ્ચે સ્માર્ટ ફોન અતિ જરૂરી બન્યા છે

**આજે સ્માર્ટફોનના કારણે કેટલાકપ્રકારની એપ્સ હોવાના કારણે વિદ્યાર્થીઓ તેનાથી પ્રભાવિત રહે છે જેથ વિદ્યાર્થીઓ પેરેન્ટસ સમક્ષ આ પ્રકારના ફોનની માગ કરે છે, મોબાઇલ ફોન પર શિક્ષણ સાથે સંબંધિત એપ્સ દર્શાવીને વિદ્યાર્થીઓ પેરેન્ટસ સમક્ષ સ્માર્ટ ફોન ખરીદી લેવાની માંગ કરે છે**

# સ્માર્ટ ફોન વિદ્યાર્થીઓ માટે જરૂરી છે

**મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જુદી જુદી આકર્ષક એપ્સના કારણે એક પ્રકારના નશાનો શિકાર : કેરિયરને પણ નુકસાન કરી રહ્યા છે**

તાજેતરના સમયમાં જો વિદ્યાર્થીઓના સ્તર પર જોવામાં આવે તો મોબાઈલ ફોન સાથે હોવાની બાબત જરૂરી બની ગઈ છે. કોરોના કાળમાં તો વિદ્યાર્થીઓની સાથે સાથે પેરેન્ટસ પાસે મોબાઈલ ફોન હોવાની બાબત હવે મુળભૂત જરૂરીયાત બની ગઈ છે. બાળકો ભણવા અને રમવા જાય છે ત્યારે પેરેન્ટસને ચિંતા સતાવતી હોય છે. આવી સ્થિતીમાં બાળકોની પાસે મોબાઈલ ફોન હોવાની બાબત જરૂરી બની ગઈ છે. હવે પ્રશ્ન એ ઉઠે છે છે કે વિદ્યાર્થીઓ મોબાઈલ ફોનનો ઉપયોગ કઈ રીતે કરે છે. જો માત્ર પેરેન્ટસની ચિંતા અને બિનસુરક્ષાના કારણોથી મોબાઈલ ફોનના ઉપયોગ અંગે વિચારણા કરવામાં આવે તો આ બાબત વાજબી દેખાય છે. સાથે સાથે આ સમસ્યાને બેઝિક ફોનથી ઉકેલી શકાય છે. જેની કિંમત સામાન્યરીતે એક હજાર રૂપિયા સુધીની હોય છે. તેનો ઉપયોગ કરીને પેરેન્ટસ ક્યારેય પણ વિદ્યાર્થી ક્યાં છે તે અંગે માહિતી મેળવી શકે છે. અથવા તો તેમની સાથે વાતચીત કરીને ખાતરી કરી શકે છે. પરંતુ આજે સ્માર્ટફોનના કારણે કેટલાકપ્રકારની એપ્સ હોવાના કારણે વિદ્યાર્થીઓ તેનાથી પ્રભાવિત રહે છે. જેથ વિદ્યાર્થીઓ પેરેન્ટસ સમક્ષ આ પ્રકારના ફોનની માગ કરે છે. કેટલીક વખત મોબાઈલ ફોન પર શિક્ષણ સાથે સંબંધિત એપ્સ દર્શાવીને વિદ્યાર્થીઓ પેરેન્ટસ સમક્ષ સ્માર્ટ



ફોન ખરીદી લેવાની માંગ કરે છે.ધોરણ છથી લઈને ધોરણ ૧૨ સુધીના વિદ્યાર્થીઓ માટે કેટલાક એપ્સ હાલમાં ઉપલબ્ધ રહેલા છે. જેના કારણે વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસમાં કામ કરી શકે છે. પરંતુ આનામાં કેટલાક એપ્સ એવા પણ છે જે વિદ્યાર્થીઓને બીજી તરફ આકર્ષિત કરે છે. આના કારણે તેમના અભ્યાસમાં અડચણો આવવાની શરૂઆત થઈ જાય છે. સોશિયલ સાઈટને લઈને હવે વિદ્યાર્થીઓમાં ક્રેજ સતત વધી રહ્યો છે. આ વયમાં વિદ્યાર્થીઓમાં નવી નવી બાબતો અથવા તો તે કેટલીક નવી ચીજો જાણવા માટેની ઉત્સુકતા રહે છે. કેટલીક વખત તો સ્માર્ટફોન વિદ્યાર્થીઓ માટે એડિક્શન બની જાય છે. આના કારણે તેમના શિક્ષણ પર માઠી અસર થાય છે. જો વિદ્યાર્થી પાસે સ્માર્ટફોન પર ઈન્ટરનેટ કનેક્સન નથી તો પણ તે તે ફ્રેન્ડ સર્કલમાં હોટસ્મોટ અથવા તો વાઈફાય ઝોનમાં જઈને એક્ટિવ મોબાઈલ એપ્સ અથવા તો ગેમ્સ ડાઉનલોડ કરી શકે છે. સોશિયલ સાઈટના એક પ્રકારના નશાના કારણે વિદ્યાર્થીઓ આધુનિક સમયમાં શિક્ષણથી દુર ભાગી રહ્યા છે. કેટલાક વિદ્યાર્થીઓમાં તો વેબસાઈટ પર પોતાના સ્ટેટસને લઈને એક પ્રકારની ટેન્શનની સ્થિતી રહે છે. વિદ્યાર્થી પોતાના સોશિયલ ફ્રેન્ડસને આકર્ષિત કરવામાં લાગી જાય છે. આ સ્થિતીમાં કેટલાક વિદ્યાર્થીઓ તો માત્ર આ દિશામાં જ વિચારતા રહે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે આશરે છ અને નવ મિનિટમાં આ વિદ્યાર્થીઓ પોતાના મોબાઈલ પર મિત્રોની સ્ટેટસ જાણવા માટે પ્રયાસ કરે છે. વિદ્યાર્થીઓમાં પોતાના ફ્રેન્ડસના સ્ટેટસને જાણવા માટે ક્રેઝ સતત વધી રહ્યો છે. એક વખત એક ટીચરે ક્લાસની બહાર આવીને પોતાના મોબાઈલ ફોન પર એક સોશિયલ નેટવર્કિંગ સાઈટ પર સ્ટેટસ ચકાસતા જાણવા મળ્યુ કે તેના એક વિદ્યાર્થીએ પોતાના ક્લાસ રૂમની અંદર સેલ્ફી થોડાક મિનિટ પહેલાજ લીધી હતી. આ વિદ્યાર્થી એજ હતો જે ક્લાસ રૂમમાં પણ હતો. આ એક માનસિક સ્થિતી છે જેના કારણે વિદ્યાર્થી પોતાના કેરિયરને બનાવવા માટેનો સમય ગુમાવી દે છે. આ વયમાં પેરેન્ટસને પણ વિદ્યાર્થી સાથે ખુબ સારા સંબંધ વિકસિત કરવાની જરૂર હોય છે. સાથે સાથે સૌથી મોટી બાબત તો કેરિયર માટેના હેતુ અથવા તો ટાર્ગેટ નક્કી કરવાની બાબત હોય છે. જો વિદ્યાર્થી સંપૂર્ણપણે ધ્યાન કેન્દ્રિત કરે છે તો તેને કોઈ પણ બાબત ટ્રેકથી દુર કરી શકતી નથી પરંતુ જો તેને સ્માર્ટફોન અથવા તો અન્ય કોઈ ટેવ છે તો તેને શિક્ષણમાં તકલીફ થઈ શકે છે. આધુનિક સમયમાં ફોન જરૂરી છે પરંતુ સાથે સાથે તેનો ઉપયોગ યોગ્યરીતે થાય તે જરૂરી છે. કારણ કે કેરિયર બનાવવાના ગાળામાં તેના વધારા પડતા ઉપયોગથી નુકસાન થઈ શકે છે. સ્માર્ટ ફોન રાખવાના મુદ્દે જુદા જુદા લોકોના જુદા જુદા અભિપ્રાય છે. કારણ કે કેટલાક નિષ્ણાંતો અને વાલીઓ સ્માર્ટ ફોનને આધુનિક સમયમાં યોગ્ય ગણે છે. જ્યારે કેટલાક લોકો તેને એક દુષણ તરીકે પણ ગણે છે. દુષણ તરીકે ગણનાર લોકો માને છે કે મોબાઈલ પર શિક્ષણ સાથે સંબંધિત બાબતો નિહાળવાના બદલે વિદ્યાર્થીઓ અશ્લીલતા અને ફિલ્મો તેમજ અન્ય સોશિયલ મિડિયાનો વધારે ઉપયોગ કરી રહ્યા છે.



### ભાગદોડની લાઇફમાં પણ સમય કાઢવાની તાકીદની જરૂર છે...

**જો કોઇ વ્યક્તિ ઓફિસમાં બેસીને કલાકો સુધી કામ કરે છે તો તેવી વ્યક્તિને દરરોજ કસરત કરવાની જરૂર હોય છે રમત ગમતની પ્રવૃતિ અને અન્ય શારરિક ગતિવિધીઓ આપના લાંબા આયુષ્ય અને સ્વસ્થ જીવનની શક્યતા વધારે છે**

# કલાકો કામ કરનારા લોકો કસરત કરે

**થોડોક સમય પોતાના માટે કાઢવાથી થાક ઓછો લાગે છે અને ગુસ્સો પણ ઓછો આવે છે : શરીરને પુરતા પોષણ પર ધ્યાન પણ જરૂરી**

આધુનિક સમયમાં દરેક વ્યક્તિની લાઈફ ખુબ ભાગદોડ ભરેલી બની ગઈ છે. આધુનિક સમયમાં અમારી પાસે આરામથી એક કપ ચાર પીવાનો પણ સમય નથી. કામના કારણે અમે ચારેબાજુથી જોરદાર રીતે ઘેરાઈ ગયા છીએ. કામના કારણે માનસિક અને શારરિક તકલીફ ઉભી થવા લાગી ગઈ છે. આવી સ્થિતીમાં વ્યસ્ત સમય હોવા છતાં પોતાના માટે થોડોક સમય કાઢવામાં આવે તે જરૂરી છે. સમય પોતાના માટે કાઢવાના કારણે થાક લાગતી નથી. સાથે સાથે ગુસ્સો પણ આવતો નથી. કોઈ પણ વ્યક્તિએ પોતાને સ્વસ્થ રાખવા માટે સમય કાઢવાની જરૂર હોય છે. સેલ્ફ કેયર ટિપ્પસ દરેક વ્યક્તિને ઉપયોગી સાબિત થઈ શકે છે. જુદા જુદા અભ્યાસ દર્શાવે છે કે વર્કહોલિજમ અને મેન્ટલ તેમજ ફિજિકલ ડિસઓર્ડર વચ્ચે સીધા સંબંધ રહે છે. આને ચેતવણી તરીકે ગણીને અમને સાવધાન થઈ જવાની જરૂર છે. કામની સાથે સાથે શરીર પર ધ્યાન આપવાની જરૂર છે. આજના આધુનિક સમયમાં આ બાબત સ્વીકારી શકાય નહી કે આપના શરીરને કેટલા પ્રમાણમાં પોષક તત્વો મળે છે તે બાબતથી દરેક વ્યક્તિ વાકેફ રહે છે. વિટામિનનો ઉપયોગ પોષણ ના વીમા કરવા સમાન છે. જુદા જુદા રોગ પર



સારવાર કરવાના નામે જંગી ખર્ચ કરવાના બદલે ડાઈટમાં મલ્ટી વિટામિન પર જંગી ખર્ચ કરવામાં આવે તે જરૂરી છે. મલ્ટી વિટામિન શરીરની તમામ જરૂરીયાત પૂર્ણ કરે છે. જો કોઈ વ્યક્તિ ઓફિસમાં બેસીને કલાકો સુધી કામ કરે છે તો તેવી વ્યક્તિને દરરોજ કસરત કરવાની જરૂર હોય છે. રમત ગમતની પ્રવૃતિ અને અન્ય શારરિક ગતિવિધીઓ આપના લાંબા આયુષ્ય અને સ્વસ્થ જીવનની શક્યતા વધારે છે. નિયમિતરીતે કરવામાં આવતી કસરત આપના શરીરને યોગ્ય રીતે કામ કરવામાં મદદરૂપ બને છે. કામના ગાળા દરમિયાન કરવામાં આવતી કસરત કરવાની ટેવ પાડવાની બાબત ખુબ સારી હોય છે. કારણ કે આના કારણે સાંજે પરિવારના સભ્યો સાથે સમય ગાળી શકાય છે. શરીર અને મન માટે ઓફિસ શ્રેષ્ઠ જગ્યા નથી. તાજી હવા અને તાપનો લાભ લેવા માટે સમય કાઢવાની જરૂર હોય છે. સુર્યપ્રકાશથી મળનાર વિટામિન ડી આપના આરોગ્યને સુધારી દેવામાં મદદરૂપ થાય છે. આવી જ રીતે ખુલ્લી હવામાં કરવામાં આવેલી વોકિંગ પણ ઉપયોગી સાબિત થાય છે. આવી ટેવ પાડીને ટીવી અથવા તો કોમ્પ્યુટરની સામે બેસીને ગાળવામાં આવતા સમયને પોતાની શરીરની કામની પ્રવૃતિમાં લગાવીને શરીરને ફિટ રાખી શકાય છે. ખુલ્લી હવામાં કરવામાં આવતી કસરત અને વોકિંગનો સીધો લાભ મળે છે. આના કારણે એકાગ્રતા વધારે મજબુત થાય છે. એક વખતે શરીર મજબુત બની જવાની સ્થિતીમં કેટલીક બિમારી તો સીધી રીતે જ ભાગી જાય છે. ઓફિસમાં કામ કરી કરીને થાકી જવાની સ્થિતીમાં રજા માણવાની બાબત પણ સારા વિકલ્પ તરીકે છે.યાત્રાના શૌખીન લોકોએ પ્રવાસ સ્થળો પર જવા માટેના આયોજન કરવા જોઈએ. મિત્રો અથવા તો પરિવારની સાથે સમય ગાળીને ટેન્શનમાંથી બહાર નિકળી શકાય છે. એંકાતમાં ગાળવામા આવતો સમય પણ ઉપયોગી સાબિત થાય છે. આનાથી યાદશક્તિ મજબુત બની જાય છે. એકાંતમાં રહીને પોતાની જરૂરીયાત મુજબ એક શાનદાર ચિત્ર બનાવી શકાય છે. આ પ્રકારના અનુભવ જવાબદારીના લાંબા કલાકથી આરામ આપે છે.વધારે સમય સુધી બેસીને કામ કરવાના કારણે ખુબ થાક લાગે છે. જેના કારણે શરીરમાં દુખાવો થઈ શકે છે. હાડકામાં દુખાવો કેટલાક કારણસર થઈ શકે છે. જેમાં ઓસ્ટિયો આર્થરાઈટિસ, સિકલ સેલ એનિમિયના કારણે પણ દુખાવો થાય છે. સ્નાયુ અને માસપેશિયા ખેંચાઈ જવાના કારણે હાડકામાં દુખાવો રહે છે. આ તમામથી બચવા માટે દરેક ૨૦ મિનિટમાં ઉભા થવાની જરૂર હોય છે. ડેસ્ક પર કામ કરનાર લોકોએ લાંબા સમય સુધી બેસી રહેવાથી બચવાના પ્રયાસ કરવા જોઈએ. ડેસ્ક પર હળવી કસરત જારી રાખવી જોઈએ. નિષ્ણાંતોના કહેવા મુજબ માથાને એકબાજુથી બીજી બાજુએ લઈ જવાથી ફાયદો થાય છે.



### ચીન ક્રૂડ ઓઈલ માટે આયાત પર મુખ્યરીતે આધારિત છે જેથી...

**ચીન ઘણા દ્વિપને પણ પોતાના હોવાનો દાવો કરે છે પેરેસલ દ્વિપ અને સ્માર્ટલે દ્વિપ પર અન્ય દેશ પોતાના અધિકારની વાત કરે છે જ્યારે કેટલાક દેશ પોતાના નિયંત્રણ ક્ષેત્રના આંશિક હિસ્સ તરીકે તેને ગણે છે**

# ભારતની લૂકઈસ્ટ નીતિ : ચીન હેરાન

**ભારત તેનાથી આગળ નીકળી જશે તેવા ભયથી ચીન સરકાર હાલમાં પરેશાન : તેલ અને ગેસ ભંડાર પર પ્રભુત્વ રાખવાની ખતરનાક ઇચ્છા**

દક્ષિણ ચીન દરિયામાં કોઈની પણ મંજુરી લીધા વગર તેલ અને ગેસના બ્લોકની શોધ ન કરવાની ભારતને ચેતવણી આપીને ચીને પોતાની ખતરનાક નીતિ રજુ કરી દીધી છે. આ ચેતવણીને માત્ર તેની દાદાગીરી તરીકે ગણી શકાય છે. આવી ચેતવણી આપીને તે માત્ર ભારતને દબાણમાં લેવાના પ્રયાસમાં છે જેથી આ ક્ષેત્ર પર તેનું વર્ચસ્વ યથાવત રહે. ભારતની કંપની ઓએનજીસી વિદેશ લીમીટેડ એક્સક્લુઝીવ ઈકોનોમી ઝોન અને વિયેતનામના ક્ષેત્રમાં તેલ અને ગેસની શોધમાં છે. ચીનનો હંમેશા તે દાવો રહ્યો છે કે ચીન દરિયામાં ૮૦ ટકા હિસ્સો તેનો છે. અન્ય દેશ તેમ કે વિયેતનામ, બ્રુનોઈ, મલેશિયા, તાઈવાન અને ફિલીપાઈન્સ પણ તેના જળક્ષેત્ર, દરિયાકાંઠાના વિસ્તારો અને દ્વિપ પર પોતાના દાવા કરતા રહ્યા છે. ચીન ભારતની લૂકઈસ્ટ નીતિને લઈને ખૂબ જ પરેશાન છે. ચીનની નારાજગીનું એક કારણ એ છે કે તેને મોદી સરકાર દ્વારા બનાવવામાં આવેલી નવી નીતિ લૂક ઈસ્ટ પસંદ પડી રહી નથી. તેને આ બાબતનો ભય સતાવી રહ્યો છે કે ભારતનું પડોશી દેશોમાં જે સન્માન છે તે આનાથી વધી જશે. અન્ય દેશ ચીનથી એટલા માટે પણ ભયભીત રહે છે કે કોઈ



સમયે તેઓ ડ્રેગનનો હિસ્સો ન બની જાય. અહીં આ બાબત મહત્વપૂર્ણ છે કે આ ક્ષેત્ર વિશ્વના સૌથી વ્યસ્ત દરિયાઈ માર્ગ તરીકે છે. વિશ્વના ૫૦ ટકાથી વધુ તેલ ટેન્કરો આ રસ્તે થઈને જ પસાર થાય છે.

મુખ્ય બાબત એ છે કે ચીન પોતાના ક્રૂડ ઓઈલ માટે આયાત પર વધારે આધારિત છે. જેથી તે ત્યાં પોતાની ગતિવિધિ વધારી રહ્યું છે. શિપીંગની દષ્ટિએ પણ આ રસ્તો ખૂબ મહત્વપૂર્ણ છે. ભારતની ઉપસ્થિતિથી તે આ કારણસર ચિંતત છે કે ભારત તેનાથી આગળ ન નીકળી જાય. જો ભારત હતાશ થશે તો અન્ય દેશ પહેલાથી જ નબળા પડી જશે તેવી ગણતરી તે કરી રહ્યું છે. આ જ કારણસર ચીને કહ્યું છે કે સરહદી વિવાદનો ઉકેલ આવવાથી આ ક્ષેત્રને સંયુક્ત વિકાસને પ્રત્સાહન મળશે. આ બાબત કોઈનાથી છૂપાયેલી રહી નથી કે અહીં દક્ષિણ ચીન દરિયામાં તેલ અને ગેસના વિશાળ ભંડાર ઉપલબ્ધ છે. યુએસ એનર્જી ઈન્ફરમેશન એડમિનિસ્ટ્રેશન દ્વારા જે અહેવાલ આપવામાં આવ્યો છે તે મુજબ સાત અબજ બેરલથી વધુ તેલ ભંડાર અને નવ હજાર ટ્રિલિયન ફૂલ કુદરતી ગેસના ભંડાર રહેલા છે. આ આંકડા તેલ માટે દુનિયામાં બીજા સમૃદ્ધ દેશની લાઈમાં ભારત અને અન્ય દેશોને લાવી શકે છે. ચીન ઘણા દ્વિપને પણ પોતાના હોવાનો દાવો કરે છે. પેરેસલ દ્વિપ અને સ્માર્ટલે દ્વિપ પર અન્ય દેશ પોતાના અધિકારની વાત કરે છે જ્યારે કેટલાક દેશ પોતાના નિયંત્રણ ક્ષેત્રના આંશિક હિસ્સ તરીકે તેને ગણે છે. ચીન આ મુદ્દાના સમાધાન માટે આ ક્ષેત્ર પર દાવા કરનાર દેશોથી સામુહિક રીતે વાતચીત કરવાનો પણ ઈન્કાર કરે છે પરંતુ તે અલગ અલગરીતે આ દેશો સાથે વાતચીત કરવા ઈચ્છુક છે જે તેની ખતરનાર રણનીતિ દર્શાવે છે.વર્ષ ૨૦૧૩માં ફિલિપાઈન્સે સંયુક્ત રાષ્ટ્ર ટ્રિબ્યુનલમાં ચીનને કાયદાકીયરીતે પડકાર ફેંક્યો હતો. ફિલિપાઈન્સે એવી રજુઆત કરી હતી કે ચીનનો આ કોઈ કાયદાકીય અધિકાર નથી. આના જવાબમાં ચીને કહ્યું હતુ કે સંયુક્ત રાષ્ટ્રની મધ્યસ્થતાને તે ક્યારે સ્વીકાર કરશે નહીં અને તેમાં ભાગ પણ લેશે નહીં. ચીન આ ક્ષેત્રને આંતરરાષ્ટ્રીય જળક્ષેત્ર તરીકે સ્વીકારવાનો ઈન્કાર કરે છે અને આને પોતાના ક્ષેત્ર તરીકે ગણે છે. અમેરિકાના સંરક્ષણ મંત્રી કાર્ટરે પણ ગયા સપ્તાહમાં ચીનને ચેતવણી આપતા કહ્યું હતુ કે દક્ષિણી દરિયાઈ ક્ષેત્રમાં ચીનની ગતિવિધિથી પ્રશાંત ક્ષેત્રમાં અસ્થિરતાને પ્રોત્સાહન મળશે. અમેરિકાનું એમ પણ કહેવું છે કે આંતરરાષ્ટ્રીય કાયદા મુજબ માનવ નિર્મિત દ્વિપને ચીનના દરિયાઈક્ષેત્ર તરીકે ગણી શકાય નહીં. કેટલાક લોકો અમેરિકન સંરક્ષણમંત્રીના આ નિવેદનને ભારત તરફી નિવેદન તરીકે ગણાવે છે. વાસ્તવિકતા એ છે કે ચીન પોતાની ગતિવિધિથી પાકિસ્તાન, શ્રીલંકા, નેપાળ જેવા દેશો પર પોતાની પક્કડને મજબુત બનાવી ભારતને ભીંસમાં લેવા ઈચ્છુક છે. અમેરિકાની સાથે મિત્રતા રાખનાર ભારતને લઈને તે ચિંતિત છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

### ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com


CMYK

## ભાજપની પહેલી યાદી આવતા જ હરિયાણામાં બળવો

। ચંડીગઢ, તા.૨૪ ।

હરિયાણામાં વિધાનસભા ચૂંટણીને લઈને ઉત્તેજના વધી રહી છે. ભાજપે ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી હતી. જે બાદ ટિકિટ ન મળતા કેટલાક લોકોએ બળવો શરૂ કરી દીધો છે. ભાજપ માટે સતત બે દિવસમાં આ બીજો આંચકો છે. ગુરુવારે ભાજપના રતિયાના ધારાસભ્ય લક્ષ્મણ નાપાએ પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપી દીધું છે. આગામી હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે ભાજપે સિરસાના પૂર્વ સાંસદ સુનિતા દુગ્ગલને રતિયા વિધાનસભા મતવિસ્તારથી મેદાનમાં ઉતાર્યા છે. આનાથી નારાજ થઈને લક્ષ્મણ નાપાએ પાર્ટી છોડી દીધી.

## મહારાષ્ટ્રના ચંદ્રપુરમાં બળાત્કાર પીડિતાએ આત્મહત્યા કરી

। ચંદ્રપુર, તા.૨૪ ।

ચંદ્રપુરના બલ્લારપુર શહેરમાં એક સગીર છોકરીએ બળાત્કાર બાદ ઘરમાં ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી. પોલીસે આ કેસમાં ૨૦ વર્ષીય આરોપીની ધરપકડ કરી છે. મળતી માહિતી મુજબ ૨ સપ્ટેમ્બરના રોજ ૨૦ વર્ષીય આરોપી શિવમ દિનેશ દુપારે તેની ૧૭ વર્ષની ગર્લફ્રેન્ડને લગભગ ૧૧ વાગે શહેરની એક હોટલમાં લઈ ગયો હતો અને યુવતીના ના પાડવા છતાં તેની સાથે બળાત્કાર કર્યો હતો. બળાત્કારની ઘટનાને અંજામ આપ્યા બાદ આરોપીએ યુવતીને ઘર પાસે છોડી દીધી હતી. કહેવામાં આવી રહ્યું છે કે બંને એકબીજાને છેલ્લા એક વર્ષથી ઓળખતા હતા.

## હરિયાણામાં આજથી વિધાનસભા ચૂંટણી માટે નોમિનેશન શરૂ

। ચંડીગઢ, તા.૨૪ ।

હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે નોટિફિકેશન બહાર પડતાની સાથે જ નામાંકન પણ શરૂ થઈ ગયું છે. ૧૨ સપ્ટેમ્બરે નોમિનેશન ફોર્મ ભરી શકાશે. ૧૩મીએ ઉમેદવારી પત્રોની સમીક્ષા કરવામાં આવશે. ૧૬ સપ્ટેમ્બર સુધી નામાંકન પરત ખેંચી શકાશે. રાજ્યમાં ૫ ઓક્ટોબરે મતદાન થશે અને ૮ ઓક્ટોબરે મતગણતરી થશે. નોમિનેશન દરમિયાન, ઉમેદવારોને રિટર્નિંગ ઓફિસર આરઓ/આસિસ્ટન્ટ રિટર્નિંગ ઓફિસરની ઓફિસમાં વધુમાં વધુ ચાર લોકોને સાથે લાવવાની મંજૂરી આપવામાં આવશે.

## તેજ પ્રતાપે પિતા લાલુ યાદવ માટે શ્રીમદ ભાગવત કથાનું કર્યું આયોજન

। પટણા, તા.૨૪ ।

આરજેડી નેતા તેજસ્વી યાદવ બિહારના રાજકારણમાં અવારનવાર ચર્ચામાં રહે છે. તેઓ આરજેડીના ચહેરા તરીકે ઉભરી આવ્યા છે. જો કે લાલુ પ્રસાદ યાદવના મોટા પુત્ર તેજ પ્રતાપ યાદવ પણ ક્યારેક તેમની નિષ્ઠા તો ક્યારેક પોતાના રાજકીય નિવેદનોને કારણે ચર્ચાના કેન્દ્રમાં રહે છે. હાલમાં જ તેજ પ્રતાપ યાદવે તેમના પિતા લાલુ પ્રસાદ યાદવ અને પરિવારના ઘરે શ્રીમદ ભાગવત કથાનું પઠન કરાવ્યું હતું.રાષ્ટ્રીય જનતા દળના વડા લાલુ પ્રસાદ યાદવે આરજેડી નેતા તેજ પ્રતાપ યાદવના ઘરે શ્રીમદ ભાગવત કથામાં ભાગ લીધો છે. તેજ પ્રતાપ યાદવે કહ્યું કે અમે મારા પિતા, મારા ભાઈ અને સમગ્ર બિહારના લોકોના સ્વાસ્થ્ય માટે આ કથાનું આયોજન કર્યું છે. તેજ પ્રતાપે કહ્યું કે હું ચોથી વખત આ કથાનું આયોજન કરી રહ્યો છું.

### તેમાં કોઈ શંકા ન હોવી જોઈએ કે

# સુપ્રીમ કોર્ટ-હાઈકોર્ટના જજ સંપૂર્ણ સ્વતંત્રતા સાથે પોતાનું કામ કરે છે : મુખ્ય ન્યાયમૂર્તિ

**સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે મુંબઈના બાંદ્રા વિસ્તારમાં બોમ્બે હાઈકોર્ટના નવા સંકુલનો શિલાન્યાસ કર્યો હતો, સમારોહમાં સીએમ એકનાથ શિંદે, નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર પણ હાજર હતા**

। નવીદિલ્હી,તા.૨૪ ।



સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે મુંબઈના બાંદ્રા વિસ્તારમાં બોમ્બે હાઈકોર્ટના નવા સંકુલનો શિલાન્યાસ કર્યો હતો. આ સમારોહમાં સીએમ એકનાથ શિંદે, નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર પણ હાજર હતા. સમારોહમાં ડીવાય ચંદ્રચૂડે કહ્યું કે ભલે ન્યાયતંત્ર સંપૂર્ણપણે સ્વતંત્ર છે. જોકે, કોર્ટના બજેટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લઈને કોર્ટ સરકારની સાથે છે.

બાર એન્ડ બેન્ચના રિપોર્ટ અનુસાર, સીજેઆઈએ કહ્યું કે, તેમાં કોઈ શંકા ન હોવી જોઈએ કે સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના જજ સંપૂર્ણ સ્વતંત્રતા સાથે પોતાનું કામ કરે છે, પરંતુ જ્યારે પણ બજેટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વાત આવે છે, ત્યારે અમે સરકારની સાથે છીએ ઉપર આ ન્યાયાધીશો માટે વ્યક્તિગત પ્રોજેક્ટ નથી. તેમણે કહ્યું હતું કે સમગ્ર ભારતમાં ન્યાયાધીશો 'સૌથી વધુ' સ્વતંત્રતાની ભાવના સાથે કામ કરે છે, પરંતુ જ્યારે કોર્ટના મૂળભૂત માળખાની વાત આવે છે ત્યારે તેઓએ એક્ઝિક્યુટિવ સાથે ઊભા રહેવું જોઈએ.ચંદ્રચુડે કહ્યું, "આપણે સ્પષ્ટ હોવા જોઈએ અને અમારા અભિગમમાં મૂંઝવણમાં ન આવવું જોઈએ, ન્યાયાધીશોએ તેમના કાર્યો સંપૂર્ણ સ્વતંત્રતા સાથે કરવા જોઈએ, પરંતુ જ્યારે વહીવટી બાજુની વાત આવે છે ત્યારે આપણે આવા પ્રોજેક્ટ્સ માટે સરકાર સાથે ઊભા રહેવું જોઈએ, જે ફક્ત ખાનગી જ નહીં. એક્ઝિક્યુટિવ સાથે સહકારની ભાવના છેલ્લા ૭૫ વર્ષથી છે અને તે આપણા દેશની પરિપક્વતા દર્શાવે છે.મુંબઈના આલીશાન ફોર્ટ વિસ્તારમાં આવેલી સો વર્ષ જૂની હાઈકોર્ટ બિલ્ડિંગમાં જગ્યાની અછત છે. તેથી, ૨૦૧૯ માં, હાઈકોર્ટે, વિગતવાર ચુકાદો આપતા, મહારાષ્ટ્ર સરકારને હાઈકોર્ટ સંકુલ માટે નવી જગ્યા ફાળવવા જણાવ્યું હતું. આ વર્ષે સર્વોચ્ચ અદાલતે આ મુદ્દાની સ્વતઃ સંજ્ઞાન લીધી હતી અને તે મુજબ, રાજ્યે તબક્કાવાર હાઈકોર્ટને લગભગ ૩૦.૧૬ એકર જમીન ફાળવવાનો નિર્ણય કર્યો હતો, જેમાંથી ૪.૩૯ એકર જમીન તાજેતરમાં જ સોંપવામાં આવી હતી, જ્યાં સોમવારે ઝત્નેંએ પૂજન કર્યું.તેમણે કહ્યું, "થિયેટર કલાકારોને વારંવાર કહેવામાં આવે છે કે આપણે સ્ટેજનું સન્માન કરવું જોઈએ અને તો જ સ્ટેજ આપણને આદર આપશે. એ જ રીતે આપણે હેરિટેજ ઈમારતનું સન્માન કરવાની જરૂર છે. હાલની ઈમારતનો દરેક ખૂણો એક વાર્તા કહે છે.

### રાજ્યની તમામ હોટલ, ઢાબા અને રેસ્ટોરન્ટ વગેરે સંબંધિત સંસ્થાઓની સંપૂર્ણ તપાસ

# ખાદ્ય પદાર્થોમાં ગંદકી ભેળવવા પર યોગી સરકાર કડક કાર્યવાહી કરશે

। લખનૌ,તા.૨૪ ।



મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે માનવ કચરો અને ગંદી વસ્તુઓ સાથે ખાદ્યપદાર્થોમાં ભેળસેળ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવા સૂચના આપી છે. દેશના વિવિધ વિસ્તારોમાં બનતી આવી ઘટનાઓને ધ્યાને લઈને મંગળવારે એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં મુખ્યમંત્રી યોગીએ રાજ્યની તમામ હોટલ, ઢાબા અને રેસ્ટોરન્ટ વગેરે સંબંધિત સંસ્થાઓની સંપૂર્ણ તપાસ, ચકાસણી વગેરે સૂચનાઓ આપી છે. અને સામાન્ય લોકોના આરોગ્યની ખાતરી કરવા માટે, જરૂરિયાત મુજબ નિયમોમાં સુધારો કરવા સૂચનાઓ પણ આપવામાં આવી હતી.ૅતેમણે કહ્યું કે તાજેતરના સમયમાં દેશના વિવિધ વિસ્તારોમાં માનવ કચરો, અખાદ્ય અને ગંદી વસ્તુઓ સાથે જ્યુસ, દાળ અને રોટલી જેવી ખાદ્ય ચીજોમાં ભેળસેળની ઘટનાઓ જોવા મળી રહી છે. આવી ઘટનાઓ વિકરાળ હોય છે અને સામાન્ય માણસના સ્વાસ્થ્ય પર તેની વિપરીત અસર પડે છે. આવા દૂષિત પ્રયાસોને બિલકુલ સ્વીકારી શકાય નહીં. ઉત્તર પ્રદેશમાં આવી ઘટનાઓ ન બને તે માટે નક્કર વ્યવસ્થા કરવાની જરૂર છે. ઢાબા અને રેસ્ટોરન્ટ વગેરે જેવી ખાણીપીણીની સંસ્થાઓની તપાસ કરવી જરૂરી છે. રાજ્યવ્યાપી સઘન ઝુંબેશ ચલાવીને, આ સંસ્થાઓના સંચાલકો સહિત ત્યાં કામ કરતા તમામ કર્મચારીઓની ચકાસણી કરવી જોઈએ. ફૂડ સેફ્ટી એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન, પોલીસ અને સ્થાનિક વહીવટીતંત્રની સંયુક્ત ટીમ દ્વારા આ કાર્યવાહી ઝડપથી પૂર્ણ થવી જોઈએ. ઓપરેટરો, માલિકો, મેનેજરો વગેરેના નામ અને સરનામા ખાવાની સંસ્થાઓ પર સ્પષ્ટપણે દર્શાવવા જોઈએ. આ સંદર્ભે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટમાં પણ જરૂરી સુધારા કરવા જોઈએ. ખાણીપીણીની સંસ્થાઓ જેવી કે ઢાબા, હોટેલ અને રેસ્ટોરન્ટ વગેરેમાં સીસીટીવીની જોગવાઈ હોવી જોઈએ. માત્ર ગ્રાહકો માટે બેસવાની જગ્યાઓ જ નહીં પરંતુ સ્થાપનાના અન્ય ભાગો પણ સીસીટીવી દ્વારા આવરી લેવા જોઈએ. તે સુનિશ્ચિત કરવું જોઈએ કે દરેક સ્થાપના ઓપરેટર સીસીટીવી ફીડને સુરક્ષિત રાખશે અને જો જરૂરી હોય તો તે પોલીસ અને સ્થાનિક વહીવટીતંત્રને ઉપલબ્ધ કરાવશે.

### ઝારખંડ વિધાનસભાની ચૂંટણીનું કાઉન્ટડાઉન શરૂ

# ચૂટણી પંચે તૈયારીઓનો વિચાર કર્યો; રાજકીય પક્ષો સાથે બેઠક

। રાંચી, તા.૨૪ ।




ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારના નેતૃત્વમાં ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને ડૉક્ટર એસએસ સંધુ રાંચી પહોંચ્યા છે. તેમની મુલાકાતના પ્રથમ દિવસે, તેમણે ઝારખંડમાં આગામી વિધાનસભા ચૂંટણી બળજબરીથી મુક્ત રીતે હાથ ધરવા માટે લગભગ ૨૦ કેન્દ્રીય અને રાજ્ય અમલીકરણ એજન્સીઓ સાથે રાંચીમાં ચૂંટણી તૈયારીઓની સમીક્ષા કરી.૧૨ સભ્યોનું પ્રતિનિધિમંડળ સતત બે દિવસ સુધી ૫ મેરેથોન બેઠકો યોજીને રાજ્યમાં ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરશે. પ્રતિનિધિમંડળમાંથી છ રાષ્ટ્રીય પક્ષોના નેતાઓ, ભાજપ, કોંગ્રેસ, સીપીઆઈ(એમ), આમ આદમી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી, નેશનલ પીપલ્સ પાર્ટી અને રાજ્યમાં સત્તામાં રહેલા પ્રાદેશિક પક્ષો, ઝારખંડ મુક્તિ મોરચા, રાષ્ટ્રીય જનતા દળ અને ઝારખંડ વિદ્યાર્થી સંઘ. કમિશન સમક્ષ તેમના મંતવ્યો રજૂ કર્યા.ચૂંટણી પહેલા અને દરમિયાન મની લોન્ડરિંગ જેવી પ્રવૃત્તિઓ પારદર્શિતા અને નિયંત્રણની ખાતરી કરવા માટે પંચે વિવિધ કેન્દ્રીય એજન્સીઓ સાથે બેઠકો યોજી છે. આયોગ મંગળવારે પોલીસ અને વહીવટીતંત્ર સાથે ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરશે. અને આ પછી મીડિયા વાર્તાલાપ કરવામાં આવશે. આ મુલાકાત બાદ પંચ ઓક્ટોબરમાં ચૂંટણીની તારીખો જાહેર કરશે. ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારના નેતૃત્વમાં ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને ડૉક્ટર એસએસ સંધુ રાંચી પહોંચ્યા છે.

## મુખ્યમંત્રી આતિશીએ પ્રાચીન હનુમાન મંદિરમાં કરી પૂજા

। નવી દિલ્હી, તા.૨૪ ।

દિલ્હીના સીએમ આતિશી કનોટ પ્લેસ સ્થિત પ્રાચીન હનુમાન મંદિર પહોંચ્યા હતા. તેમણે હનુમાનજીના દર્શન કર્યા અને તેમના આશીર્વાદ લીધા. ઠ પર, તેમણે લખ્યું, 'ભગવાન અમને બધાને શક્તિ અને હિંમત આપે, જેથી અમે દિલ્હીના વિકાસ અને અમારા નેતા અરવિંદ કેજરીવાલના વિઝનને આગળ વધારી શકીએ.મુખ્યમંત્રી આતિષીએ કહ્યું, "પૂજા પ્રાચીન હનુમાન મંદિરમાં કરવામાં આવી હતી અને હનુમાનજી અમારા 'સંકટ મોચન' છે. છેલ્લા બે વર્ષથી આપ અને અરવિંદ કેજરીવાલ પર દરેક સંભવિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો. અમને તોડવાનો, દબાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. અમને, પરંતુ હનુમાનજીએ હંમેશા આમ આદમી પાર્ટી, અરવિંદ કેજરીવાલ, દિલ્હી અને તેના લોકોનું રક્ષણ કર્યું છે."આ પહેલા સોમવારે આતિશીએ મુખ્યમંત્રી પદનો ચાર્જ સંભાળ્યો હતો. આ દરમિયાન તેમણે કહ્યું હતું કે અરવિંદ કેજરીવાલ માટે ખુરશી ખાલી છે અને તેઓ રાહ જોશે. સીએમ આતિશીએ કહ્યું, 'આજે મારા મનમાં પણ એ જ પીડા છે જે ભગવાન રામના વનવાસ વખતે ભરતજીના મનમાં હતી. તેમણે ભગવાન રામની ગાદી રાખીને શાસન કર્યું. ભગવાન રામ આપણા બધાના આદર્શ છે અને કેજરીવાલજીએ તેમના બતાવેલા માર્ગ પર ચાલીને દિલ્હીની જનતાની સેવા કરી અને શિષ્ટાચારનું પાલન કરીને મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપ્યું.

### ભાજપના આકરા પ્રહારો

# કોંગ્રેસ અને ઈન્ડિયા એલાયન્સના નેતા બળાત્કારના આરોપીઓની સાથે ઉભા છે

**આરજી કાર મેડિકલ કોલેજમાં બનેલા બળાત્કાર-હત્યાના કેસને એક મહિનાથી વધુ સમય વીતી ગયો છે, પરંતુ હજુ સુધી મામલો ઉકેલાયો નથી**

। નવીદિલ્હી,તા.૨૪ ।

